# નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ

## કેસીજીની વિવિધ જગ્યાઓ માટે લેખિત પરીક્ષા માટેની સૂચનાઓ

### પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ | સમય | જગ્યાનું નામ |
|---|---|---|
| ૨૧-૦૭-૨૦૧૮ (શનિવાર) | ૧૦.૩૦ થી ૦૧.૩૦ | કન્સલ્ટન્ટ A1 થી A6 |
| ૨૧-૦૭-૨૦૧૮ (શનિવાર) | ૦૨.૩૦ થી ૦૫.૩૦ | કન્સલ્ટન્ટ B1 થી B8 |
| ૨૨-૦૭-૨૦૧૮ (રવિવાર) | ૧૦.૩૦ થી ૦૧.૩૦ | કન્સલ્ટન્ટ C1 થી C4 |
| ૨૨-૦૭-૨૦૧૮ (રવિવાર) | ૦૨.૩૦ થી ૦૫.૩૦ | કન્સલ્ટન્ટ IT અને કન્સલ્ટન્ટ Legal |
| ૨૩-૦૭-૨૦૧૮ (સોમવાર) | ૧૦.૩૦ થી ૦૧.૩૦ | કન્સલ્ટન્ટ A7 |
| ૨૩-૦૭-૨૦૧૮ (સોમવાર) | ૦૨.૩૦ થી ૦૫.૩૦ | કન્સલ્ટન્ટ B9 |

**પરીક્ષાનું સ્થળ: ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ**

<u>લેખિત પરિક્ષા અંગે સૂચનાઓ</u>

૧. દરેક પોસ્ટની લેખિત પરિક્ષા ૦૩ કલાક અને ૧૦૦ ગુણની રહેશે.

૨. પ્રશ્નપત્રમાં આપેલ સૂચનાઓ અનુસાર જવાબ આપવાના રહેશે.

૩. કેસીજી દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરાતની જોગવાઈ અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

૪. પરિક્ષામાં હાજરી આપતી વખતે આપે આધારકાર્ડ/ ઈલેક્શન કાર્ડ/ ડ્રાઇવિંગ લાયસન્સ પૈકીનો ઓછામાં ઓછા કોઈપણ એક ઓળખપત્ર તરીકે લાવવાનું રહેશે અને વર્ગ નિરિક્ષક અથવા અધિકારી માંગે ત્યારે બતાવવાનું રહેશે.

૫. પરિક્ષાનુ સ્થળ ગુજરાત આર્ટસ અને કોમર્સ કોલેજ, એલિસબ્રિજ, અમદાવાદ રહેશે. તે અંગેની માહિતી વેબસાઈટ પર જાહેર થશે.

૬. પરીક્ષાર્થીઓની યાદી વેબસાઈટ પર મુકવામાં આવશે.

૭. ઉમેદવાર પરિક્ષાખંડમાં ઓળખના પુરાવા સિવાય કોઈ પણ ચીજ સાથે રાખી શકશે નહિ. ઉમેદવારે કોઈપણ પુસ્તક, કાગળ, સાહિત્ય તથા પેજર, મોબાઈલ (સ્વિચડ ઓફ કે સાઈલેંટ મોડ કરેલો હશે તો પણ), કેલ્ક્યુલેટર જેવા કોઈ પણ વિજાણું સાધનો રાખવા નહિ. આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવશે તો,

આપ આ પરિક્ષા અને સરકારની અન્ય પરિક્ષાઓ માટે પણ ગેરલાયક ઠરાશો. ઉપરાંત આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે અને શિસ્તભંગના ફોજદારી પગલાને પાત્ર ઠરશો.

૮. જે ઉમેદવારોના લેખિત પરિક્ષામાં જાહેરાતના નિયમો અનુસાર ગુણ આવશે તેમને જ સમૂહ ચર્ચા, ઇન્ટરવ્યુ વગેરેમાં બોલાવવામાં આવશે.

૯. પરિક્ષાકેન્દ્ર પર એક કલાક પહેલા પહોંચી જવું.

૧૦. દરેક ઉમેદવારોને જવાબો લખવા ઉત્તરવહી આપવામાં આવશે.

૧૧. ઉમેદવાર નકલ કરતા ગેરરીતી/ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની કેસીજી કે અન્ય સરકારી પરિક્ષામાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલા સહિતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. સીસીટીવી કેમેરા લાગેલા હોવાથી નકલ કરનાર અચૂક પકડાશે અને સજાને પાત્ર બનશે.

૧૩. પરિક્ષા શરુ થયા પછીની પ્રવેશ મળી શકશે નહિ, તથા પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય ત્યાં સુધી પરિક્ષાખંડ છોડી શકાશે નહિ.

21-6-18